## અગ્રસચિવશ્રી(સા.ન્યા) ના અધ્યક્ષપદે તજજ્ઞ સમિતિની તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે પેટા તજજ્ઞ સમિતિની બેઠક તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે મળેલ. બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષ્ચર-૧ મુજબ છે. ઉપસ્થિત અધિકારીશ્રીઓને આવકારી બેઠકની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

સમિતિ દ્વારા ભારત સરકારના સા.ન્યા.અધિ.મંત્રાલયના તા.૦૪/૦૧/૨૦૨૧થી ભારત સરકારની સંવર્ગોમાં દિવ્યાંગતા નિયત કરવા માટેનુ નોટીફિકેશન અને તા.૨૪/૦૮/૨૦૨૨ થી SD-SI માટેનુ નોટીફિકેશન તથા વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/chh-1 Section ના તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ ના BA અને BL દિવ્યાંગતાના ઠરાવો ધ્યાને રાખી સમિતિએ આજના એજન્ડા અન્વયે ચર્ચા-વિચારણા હાથ ધરેલ, જે અન્વયે વિગતવાર ચર્ચા બાદ થયેલ નિર્ણય નીચે મુજબ છે.

- **<u>એજન્ડા નં.૧:-</u>** નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ સુઓમોટો રીટ પીટીશન નં.૦૨/૨૦૨૪ માં તા.03.03.૨૦૨૫ ના હુકમના નિર્દેશાનુસાર કાયદા વિભાગ હસ્તકના સીવીલ જજ તથા જિલ્લા ન્યાયાધીશોનાં સંવર્ગમાં દિવ્યાંગતા નિયત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- **<u>કાર્યવાહી</u>:** સમિતિ સમક્ષ કાયદા વિભાગ તરફથી આવેલ અધિકારીશ્રી દ્વારા 'જજ' ની સંવર્ગની કામગીરીને આધારે ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ ના નોટીફિકેશનમાં 'જજ' ની સંવર્ગ માટે નિયત દિવ્યાંગતાઓ પૈકી અમુક દિવ્યાંગતાઓમાંથી મુક્તિ મેળવવા માટે રજૂઆત કરેલ હતી. પરંતુ, સમિતિ દ્વારા ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ અને ૨૪/૦૮/૨૦૨૨ ના નોટીફીકેશનમાં સૂચિત દિવ્યાંગતાઓ તથા નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ સુઓમોટો રીટ પીટીશન નં.૦૨/૨૦૨૪ માં આવેલ તા.03.03.૨૦૨૫ ના હુકમને ધ્યાને લઇ નીચે મુજબ દિવ્યાંગતાઓ માન્ય રાખેલ છે.

**કાયદા વિભાગ હસ્તકનાં સીવીલ જજ તથા જિલ્લા ન્યાયાધીશોનાં સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | સંબંધિત વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સિવિલ જજ | ૨ | ૬૪૭ | Low-vision Provided that such impairment | Hard of hearing provided that such | Locomotor disability including acid Attack | Clause (e) i.e. Multiple disabilitie | B, LV | - | OA,OL, BL, LC, Dw, | SLD, MD (including (a) to (d)) |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | is not 50% and more. Sought Exemption for " Blindness" | impairment is not of 50 decibel or more in speech frequencies in both ears. Sought Exemption for "deaf" | victim of not less than 40 percent, Leprosy cured, dwarfism and muscular dystrophy. Sought Exemption for "cerebral palsy" | s from amongst persons under clauses (a) to ( c) including reservation clause with exemption sought for in columns a, b and c of the chart. Sought Exemption for (i) Clause (d) (ii) Clause (d) Mentioned in Clause (e) of Section-34(1) of the Act. | | | AAv, SD,SI | |
| ૨ | જિલ્લા ન્યાયાધીશ (૨૫% ક્વોટા) | ૧ | ૧૬૧ | Low-vision Provided that such impairment is not 50% and more. Sought Exemption for " Blindness" | Hard of hearing provided that such impairment is not of 50 decibel or more in speech frequencies in both ears. Sought Exemption for "deaf" | Locomotor disability including acid Attack victim of not less than 40 percent, Leprosy cured, dwarfism and muscular dystrophy. Sought Exemption for | Clause ( e ) i.e. Multiple disabilities from amongst persons under clauses ( a) to ( c) including reservation clause with exemption sought for | B, LV | - | OA, OL, BL, LC, Dw, AAv, SD,SI | SLD, MD (including (a) to (d)) |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | "cerebral palsy" | in columns a, b and c of the chart. Sought Exemption for (i) Clause (d) (ii) Clause (d) Mentioned in Clause (e) of Section-34(1) of the Act. | | | | |

➢ **<u>એજન્ડા નં.૨:-</u>** સામાન્ય વહીવટ વિભાગ હસ્તકનાં આંકડાકીય સેવા ખાતાના વડા સમકક્ષ નિયામક, વર્ગ-૧ સંવર્ગમાં તા.૩૦/૦૪/૨૦૨૫ ની બેઠકમાં નિયત કરેલ દિવ્યાંગતા સંદર્ભે પુન:વિચારણા કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ **<u>કાર્યવાહી:</u>** સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગ હસ્તકના ગુજરાત આંકડાકીય સેવા નિયામક કચેરીના નિયામક, વર્ગ-૧ ની સંવર્ગ માટે દિવ્યાંગતામાં સુધારો કરવા માટે પુન: દરખાસ્ત કરેલ છે. તજજ્ઞ સમિતિ દ્વારા ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ ના નોટીફીકેશન, નિયામક, વર્ગ-૧ ની નીચેની સંવર્ગમાં નિયત દિવ્યાંગતા, તેમજ ઉપસ્થિત અધિકારીઓ દ્વારા જણાવેલ કારણો-કામગીરીને આધારે તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં નિયામક, વર્ગ-૧ માટે દિવ્યાંગતાઓ નિયત કરેલ હતી. તા.૨૮/૦૮/૨૦૨૫ની બેઠકમાં ઉપસ્થિત સંબંધિત અધિકારીઓ તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ નિયામક, વર્ગ-૧ માં નિયત દિવ્યાંગતાઓ સામે મુક્તિ માટેના યોગ્ય કારણો આપી ન શકતા સમિતિએ નિયામક, વર્ગ-૧ ની દિવ્યાંગતાઓમાં ફેરફાર ન કરતાં તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ નક્કી થયા પ્રમાણે જ દિવ્યાંગતાઓ રાખેલ છે.

**સામાન્ય વહીવટ વિભાગ હસ્તકનાં આંકડાકીય સેવા ખાતાના વડા સમકક્ષ નિયામક, વર્ગ-૧ સંવર્ગમાં તા.૩૦/૦૪/૨૦૨૫ ની બેઠકમાં નિયત કરેલ દિવ્યાંગતા સંદર્ભે પુન:વિચારણા કરવા માટેની દરખાસ્ત પરત્વે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | સંબંધિત વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નિયામક | ૧ | ૪ | LV | HH | OA, OL, CP, LC, Dw, | ASD(M), MD( 40-70%) | B, LV | D, HH | OA, OL, BA, CP, LC, Dw, | ASD(M) MI(40-70%), |

| | | | | | | AAV, SD,SI | | | | AAV, SD,SI, BL* | MD( 40-70%) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

[* સાથેની દિવ્યાંગતાઓને સા.ન્યા.અ.વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/chh-1 Section ના તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ ની જોગવાઇઓ લાગુ પડશે.]

➢ **એજન્ડા નં.3:-** શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકનાં બોઇલર તંત્રના ૦૬ સંવર્ગોમાં દિવ્યાંગતા નિયત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ કાર્યવાહી: શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિકારીઓ દ્વારા જણાવ્યાનુસાર તેઓએ તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરેલ સંવર્ગોની દિવ્યાંગતા Rpwd Act,2016 અન્વયે તા.30/0૬/૨૦૨૨ ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં નિયત થયેલ હતી. ઉકત કાર્યવાહી બાદ ત્રણ વર્ષ કરતાં વધુ સમય વિતેલ હોઇ, Rpwd Act, 2016 ની કલમ-33(iii) અનુસાર રીવ્યુ માટે રજૂ કરેલ છે. જે અન્વયે હાલની સમિતિ દ્વારા તા.30/0૬/૨૦૨૨ ના રોજ મળેલ સમિતિના નિર્ણયમાં ત્યારબાદના ભારત સરકારના તા.૨૪/૦૮/૨૦૨૨ ના નોટીફીકેશન અને વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ના ઠરાવને ધ્યાને લઇ નીચે મુજબ દિવ્યાંગતા નિયત કરેલ છે.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકનાં બોઇલર તંત્રના ૦૬ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | સંબંધિત વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નિયામક બોઇલરો | ૧ | ૦૧ | - | HH(40-70%) | Dw, AAV | SLD | - | HH(40-70%) | Dw, AAV, BA*,BL*, SD, SI | SLD |
| ૨ | નાયબ નિયામક બોઇલરો | ૧ | ૦૬ | - | HH(40-70%) | Dw, AAV | SLD | - | HH(40-70%) | Dw, AAV, BA*,BL*, SD, SI | SLD |
| 3 | મદદનીશ નિયામક બોઇલરો | ૨ | ૩૫ | - | HH(40-70%) | Dw, AAV | SLD | - | HH(40-70%) | Dw, AAV, BA*,BL*, SD, SI | SLD |
| ૪ | ટેકનિકલ ઓફીસર | ૨ | ૦૧ | LV | D,HH | OA,BA, BL,OL,OAL,LC,Dw, AAV | SLD | LV | D,HH | OA, BA, BL,OL, OAL, LC, DW, AAV, SD, SI | SLD |
| ૫ | સિનિયર ટેકનિકલ આસીસ્ટન્ટ | 3 | ૦૧ | LV | D,HH | OA,BA, BL,OL,OAL,LC,Dw, AAV | SLD | LV | D,HH | OA, BA, BL,OL, OAL, LC, DW, AAV, SD, SI | SLD |

| ૬ | જુનિયર ટેકનિકલ આસીસ્ટન્ટ | ૩ | ૦૫ | LV | D,HH | OA,BA, BL,OL,OAL,LC,Dw, AAV | SLD | LV | D,HH | OA, BA, BL,OL, OAL, LC, DW, AAV, SD, SI | SLD |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

[* સાથેની દિવ્યાંગતાઓને સા.ન્યા.અ.વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/chh-1 Section ના તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ ની જોગવાઇઓ લાગુ પડશે.]

- **એજન્ડા નં.૪:-** વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના પશુધન નિરિક્ષક, વર્ગ-૩ સંવર્ગમાં દિવ્યાંગતા નિયત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.
- **કાર્યવાહી:** વન અને પર્યાવરણ વિભાગ તરફથી ઉપસ્થિત રહેલ અધિકારી દ્વારા તેઓની પશુધન નિરીક્ષક, વર્ગ-૩ ની સંવર્ગ માટે કૃષિ વિભાગ હસ્તકના પશુપાલન ખાતા હસ્તકની પશુધન નિરીક્ષક ( વર્ગ-૩ ) માટે નિયત કરેલ દિવ્યાંગતા પ્રમાણે દરખાસ્ત કરેલ હોવાનું તેમજ બંને સંવર્ગોના નામકરણ તેમજ કામગીરી પણ સમાન હોવાનું જણાવી તા.૧૬/૧૦/૨૦૨૦ ની તજજ્ઞ સમિતિની બેઠકમાં થયેલ નિર્ણય અનુસાર કૃષિ વિભાગે બહાર પાડેલ તા.૧૭/૧૨/૨૦૨૧ ના ઠરાવ અનુસારની દિવ્યાંગતાઓ પ્રમાણે તેઓના સંવર્ગ "પશુધન નિરીક્ષક" માટે પણ દિવ્યાંગતા માન્ય રાખવા વિનંતી કરેલ છે.

ઉકત દરખાસ્ત અન્વયે સમિતિ દ્વારા કૃષિ વિભાગ માટે તા.૧૬/૧૦/૨૦૨૦ ની તજજ્ઞ સમિતિની બેઠકમાં થયેલ નિર્ણય, ભારત સરકારના તા.૨૪/૦૮/૨૦૨૨ ના નોટીફીકેશન તથા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ ના ઠરાવને ધ્યાને લઇ નીચે મુજબ દિવ્યાંગતા નિયત કરેલ છે.

**વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના પશુધન નિરિક્ષક, વર્ગ-૩ સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | સંબંધિત વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | પશુધન નિરીક્ષક | ૩ | ૦૮ | LV (40%-70%) | HH(40%-70%) | OA, OL, OAOL, CP, LC, AAV, MDy, Spinal Deformity (SD,SI) (તમામ કેટેગરીમાં ૪૦% થી ૧૦૦% સુધી) | A, ID, SLD (તમામ કેટેગરી માં ૪૦% થી ૧૦૦% સુધી) | LV (40%-70%) | HH (40%-70%) | OA, OL, OAL, CP, LC, AAV, MDy, Dw, BA*, BL*, SD, SI | ASD, ID, SLD |

[* સાથેની દિવ્યાંગતાઓને સા.ન્યા.અ.વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/chh-1 Section ના તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ ની જોગવાઇઓ લાગુ પડશે.]

- **એજન્ડા નં.૫:-** કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરીએ મોકલી આપેલ અરજદારોની દિવ્યાંગતા સંબંધિત રજુઆતો તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી: કમિશનર કચેરી દ્વારા મોકલેલ દરખાસ્તો પૈકી અરજદારો દ્વારા જે-તે સંવર્ગમાં કોઇ દિવ્યાંગતાને માન્ય કરવા કરેલ દરખાસ્તો જે-તે સંવર્ગના નિમણૂકી મહેકમ ધરાવતા વિભાગ મારફત જ રજૂ કરવા સમિતિ દ્વારા સૂચન કરેલ છે. તથા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ ના ઠરાવ અનુસાર BLA દિવ્યાંગતા માટે પણ જોગવાઇ કરવા બાબતની રજૂઆતો સમિતિએ વધુ અભ્યાસ કરવા રાખેલ છે.

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર રહેલ અધિકારીશ્રીઓનાં આભારસહ બેઠક સમાપ્ત જાહેર કરવામાં આવી.

**Code and functional classification**:- Blind (**B**), Low vision (**LV**), Deaf (**D**), Hard of hearing(**HH**), [Locomotor disability (**LD**) :- one arm (**OA**) , one leg (**OL**) , both arm (**BA**), both leg (**BL**) , one arm one leg (**OAL**) , both legs arms (**BLA**), both legs one arm (**BLOA**), both arms one leg (**BAOL**)], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability (**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**), [Autism Spectrum Disorder (**ASD**) **M**-Mild, **MoD**-Moderate], [Multiple Disabilities (**MD**) :- (Disabilities included in group **(a)** to **(d)** )]. Spine Deformity (**SD**), Spine Injury (**SI**).

(ડી.એસ.શર્મા)
સભ્ય સચિવ અને
નાયબ સચિવ(સ.સુ. અને રોસ્ટર)
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(વી.એમ.ગોહિલ)
વહીવટી અધિકારી
નિયામકશ્રી, સમાજ સુરક્ષા વતી

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય,તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી વતી

(સિમરન પોપટાણી)
નાયબ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(વી.જે.રાજપુત)
કમિશનર
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(મોહમ્મદ શાહીદ)
અધ્યક્ષ અને અગ્રસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# <u>એનેક્ષ્ચર-૧</u>

તજજ્ઞ સમિતિની તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. કમિશનરશ્રી, આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી વતી ડૉ. અજય ચૌહાણ, S.P.O.M.H.
4. નાયબ સચિવશ્રી(સ.સુ.&રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
5. નાયબ સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ
6. નિયામકશ્રી, સમાજ સુરક્ષા વતી શ્રી વી.એમ.ગોહિલ, વહીવટી અધિકારી
7. બિનસરકારી સભ્યશ્રી પટેલ વિનોદચંદ્ર ભિખાભાઇ

આ ઉપરાંત બેઠકમાં કાયદા વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તથા વન અને પર્યાવરણ વિભાગના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતાં.